# કવિ શ્રી દાદ સરકારી વિનયન અને

# વાણીજ્ય કોલેજ ,પડધરી

## નેશનલ સ્કોલરશીપ(CSSS) અંગેની નોટીસ

૨૩/૦૭/૨૦૨૪

બી.એ. અને બી.કોમ સેમ-૧માં અભ્યાસ કરતા વિધાર્થીઓને જણાવવાનું કે,જે વિધાર્થીઓએ માર્ચ-૨૦૨૪માં લેવાયેલી ધોરણ-૧૨ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ૮૦ કે તેથી વધુ પર્સનટાઇલ મેળવેલ હોય અને જેના વાલીની વાર્ષિક આવક રૂ.૪,૫૦,૦૦૦/- સુધીની હોય તેવા વિધાર્થીઓએ “સેન્ટ્રલ સેક્ટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનીવર્સીટી સ્ટુડન્ટ (CSSS)” યોજના હેઠળ સ્કોલરશીપ મેળવવા માટે www.scholarship.gov.in ની વેબસાઈટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

ઓનલાઇન અરજી કર્યા બાદ વિધાર્થીઓએ અરજી ફોર્મ જરૂરી આધારો કોલેજમાં જમા કરાવવાના રહેશે. જે વિધાર્થીએ પોતાના જરૂરી આધારો કોલેજમાં જમા નહિ કરાવે તેની અરજી માન્ય રાખવામાં આવશે નહિ જેની ખાસ નોધ લેવી.અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧/૧૦/૨૦૨૪ છે.

- ➔ શિષ્યવૃત્તિ દરખાસ્ત કરતાં દરેક વિદ્યાર્થીની ૮૦% હાજરી અભ્યાસ દરમિયાન હોવી જરૂરી છે. અન્યથા શિષ્યવૃત્તિ મળશે નહીં જેની ખાસ નોંધ લેશો.

- ➔ વિધાર્થી કોઈ પણ એક જ સ્કોલરશીપનો લાભ લઈ શકશે જેની ગંભીર નોધ લેવી.
- ➔ વિદ્યાર્થીઓએ તમામ ડોક્યુમેન્ટ્સ ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સમાંથી સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે. (ફરજીયાત)
- ➔ આધારકાર્ડની તમામ વિગતો ધોરણ -૧૨ની માર્કશીટ અને L.C મુજબ માન્ય ગણાશે.
- ➔ ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ તમામ વિદ્યાર્થીઓએ પહેલા ડ્રાફ્ટ ફોર્મ (નીચે આપેલ તમામ ડોક્યુમેન્ટ્સ સાથે લઈ આવીને) કોલેજમાં ચેક કરાવીને જ ફાઈનલ સબમિટ કરવાનું રહેશે. જેથી કોઈ ભૂલ ન થાય.
- ➔ વિદ્યાર્થીઓએ સુચના વાંચીને જ ફોર્મ ભરવું.
- ➔ નિયત તારીખ બાદ આવેલ દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહીં.
- ➔ ફોર્મમાં નાખવામાં આવેલ ઈ-મેઈલ આઈ-ડી, મોબાઈલ નંબર અને પાસવર્ડ દરેક વિદ્યાર્થીએ ચાલુ હાલતમાં રાખવાનો રહેશે તેમજ આ બધી વિગતો સાચવી રાખવી.
- ➔ કોલેજ દ્વારા જે વિદ્યાર્થીઓની એપ્લીકેશન ઓનલાઈન રિટર્ન કરવામાં આવશે તેમને આપવામાં આવેલી સુચના મુજબનો સુધારો કરવાનો રહેશે.
- ➔ દરેક વિદ્યાર્થીએ આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીંક કરવું જરૂરી છે.
- ➔ જે વિદ્યાર્થીનાં પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીએ વાલીનાં આવકના દાખલા સાથે આવક અંગેનું ફોર્મ નં-૧૬ અપલોડ કરવાનું રહેશે.
- ➔ વિદ્યાર્થીઓએ ફોર્મની બે નકલ અને દર્શાવેલ આધારોની એક નકલ કોલેજમાં જમા કરાવવાની રહેશે.

## સ્કોલરશિપ એપ્લીકેશનમાં નાખવાની ફી ની વિગત :

**F.Y. B.A. & F.Y. B.COM.**

| ફી | ભાઈઓ | બહેનો |
|---|---|---|
| TUTION FEE | 1200/- | 00/- |
| EXAM FEE | 440/- | 440/- |
| MISE FEE | 400/- | 400/- |

## શિષ્યવૃત્તિ ફોર્મ માટેના જરૂરી આધારો

- ૧ (ધોરણ -૧૦ ની માર્કશીટની ઝેરોક્ષ)
- ૨ (ધોરણ -૧૨ ની માર્કશીટની ઝેરોક્ષ)
- 3 (શાળા છોડ્યાનું પ્રમાણપત્રની ઝેરોક્ષ)
- ૫ (અગાઉના તમામ સેમેસ્ટરની માર્કશીટની ઝેરોક્ષ)
- ૪ (હાલનાં સેમેસ્ટરની ફી ની પહોંચની ઝેરોક્ષ
- ૬ (જાતિનું પ્રમાણપત્રની ઝેરોક્ષ)
- ૭ (આવકનું પ્રમાણપત્રની ઝેરોક્ષ)
- ૮ (બેન્કની પાસબુકની ઝેરોક્ષ)
- ૯ (આધારકાર્ડની ઝેરોક્ષ)
- ૧૦ (કોલેજ આઈ-કાર્ડની ઝેરોક્ષ)

વિધાર્થીઓએ ડ્રાફ્ટ અરજીઓ સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન કોલેજ લાઈબ્રેરી કે સ્પોર્ટ્સ ઓફિસમાં ચેક કરાવવા આ સાથેના ઉચ્ચ શિક્ષણના પત્રમાં જણાવ્યા મુજબ આ સ્કોલરશીપ બાબતે કોઈ પણ મુશ્કેલી જણાય તો જણાવ્યા નંબર અને ઈમેલ આઈ.ડી પર જાણ કરવાની રહેશે.

K. Meena